**ક્રીમીનલ પરચુરણ અરજી નં.૩૭૫/૨૦૨૬ અંકલેશ્વર શહેર એ.ડીવી. પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૯૯૦૦૪૨૬૦૨૨૫/૨૦૨૬, બી.એન.એસ.કલમ ૩૧૬(૨), ૩૧૮(૨), ૫૪ મુજબના કામે આરોપી યોગેશભાઈ સંતોષભાઈ બેલેરાઉ નાઓની જામીન અરજી લગત હુકમ**

---

જામીન અરજી વંચાણે લીધી. આરોપીના વિ.વ.શ્રી તથા એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

આરોપી તર્ફે વિ.વ.શ્રીની રજુઆત છે કે આરોપી કુટુંબ કબીલાવાળા ઈસમ છે અને આરોપી સ્થાનિક રહીશ છે અને મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે તથા પરિવાર સાથે રહે છે. વધુમાં આરોપી ના.કોર્ટમાં જ્યારે ફરમાવે ત્યારે નીયમીત હાજર રહેશે. જેથી યોગ્ય શરતોને આધિન આરોપીને જામીન મુક્ત કરવા વિનંતી કરેલ છે.

બંને પક્ષકારની રજુઆત ધ્યાને લેતાં તથા સદર ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ તથા આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ ધ્યાને લેતા તથા આરોપીની હાલની આર્થીક તેમજ સામાજિક પરિસ્થિતિ જોઈએ તો આરોપી સ્થાનિક રહીશ છે તેમજ કુટુંબ કબીલાવાળા ઈસમ છે સદર ગુનો મેજીસ્ટ્રેટ કોર્ટ ટ્રાયબલ છે તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરીના જામીન આપવા ખુશી છે. મુદ્દામાલ સીઝ કરેલ છે. જેથી પુરાવા સામે ચેડા થાય તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાય આવતું નથી. જેથી ગુનાની ગંભીરતા ધ્યાને રાખી તથા આરોપીની પરિસ્થિતિ ધ્યાને રાખી હાલમાં સદર ટ્રાયલ ચાલતા ઘણો સમય વીતીજાય તેમ છે. આરોપી શરતો પાડવા ખુશી છે જેથી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૦ ની સત્તાનો ઉપયોગ કરી જામીનમુક્ત કરવો ન્યાયી જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-::હુકમ::-</u>**

આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે. દરેક આરોપીએ રૂ.૨૫,૦૦૦/-(પચીસ હજાર પુરા) + રૂ.૨૫,૦૦૦/-(પચીસ હજાર પુરા) ના બે અલગ અલગ સધ્ધર જામીન તથા જાત મુચરકા રજુ કર્યેથી

તથા નિયમીત મુદ્દતે હાજર રહેવાની શરતે તથા નીચેની શરતોએ જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧. આરોપીનુ હાલનુ તથા કાયમી સરનામુ મોબાઇલ નંબર સાથે રજુ કરવુ તથા તેમાં ફેરફાર થાય તો અત્રેની અદાલતમાં તેની જાણ કરવી.

૨. આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી સીવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

૩. આરોપીએ ફરીયાદ પક્ષના કેસને નુક્શાન થાય તેવુ કોઇ કૃત્ય કરવુ કરાવવુ નહી. તથા ફરીથી આવી ગુનાહીત પ્રવુત્તિમાં સંકળાવવું નહી.

૪. આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ પોતાનો પાસપોર્ટ અત્રેની કોર્ટમાં રજુ કરવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવું.

૫. આરોપીએ પોલીસ સ્ટેશનમાં ત્રણ માસ સુધી દર મહિનાની ૧૫ મી તારીખે હાજરી પુરાવવી.

૬. જામીનદાર છેલ્લા ૬ માસમાં થયેલ ન હોય તેવા દરેક આરોપીએ અલગ અલગ જામીનદાર રજુ કરવાના રહેશે.

આ હુકમ આજરોજ તા.૦૭ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

(વાય.એન.પટેલ)
એડી. ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ
અંકલેશ્વર

તારીખ: ૦૭/૦૪ / ૨૦૨૬
અંકલેશ્વર